Ref.(IT) No. 11 of 2012
Order Under Ex-88

ઔદ્યોગિક ન્યાય પંચ નં.૨, સુરતના પ્રમુખ અધિકારીશ્રી સમક્ષ.

રેફરન્સ (આઈ.ટી.) નં.૧૧/૨૦૧૨

પ્રથમ પક્ષકાર :– સંજીવની હોસ્પિટલ
મુ.પો.ચલથાણ, તા.પલસાણા, જી.સુરત.

::– વિ રૂ દ્ધ –::

બીજા પક્ષકાર :– સંજીવની હોસ્પિટલમાં કામ કરતા
કામદારો/કર્મચારીઓના યુનિયન પ્રતિનિધિ તરીકે
સુરત લેબર યુનિયન.

::– બીજા પક્ષકાર તરફેની આંક–૮૮ ની અરજી નીચે હુકમ –::

**(૧)** બીજા પક્ષકાર તરફેની હાલની અરજી, આંક–૪૮ અને ૭૦ લગત હુકમોના ભંગ બદલ પગલાં લેવા અને કન્ટેમ્પ્ટ ઓફ કોર્ટની કલમ–૧૦ હેઠળ યોગ્ય શિક્ષા કરી દીવાની જેલમાં મોકલવા હુકમ કરવા માટેની છે. બીજા પક્ષકાર તરફેની હાલની અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, બીજા પક્ષકારે આંક–૪૮ થી આપેલ દરમ્યાન મનાઈ અરજીમાં બીજા પક્ષકાર યુનિયનના સભ્યો શ્રીમતી વનિતાબેન પી.ઉમરીયા, શ્રીમતી વિણાબેન સુરેશભાઈ ચૌધરી, શ્રીમતી જયાબેન જી.પટેલ, જયલતાબેન દેવસીગભાઈ ચૌધરી, શ્રીમતી નીરૂબેન વસાવા, શ્રી મુકેશભાઈ ખુશાલભાઈ મિસ્ત્રી, શ્રી મહેશભાઈ સુખાભાઈ રાઠોડ, શ્રી છગનભાઈ પરાગભાઈ પરમાર, શ્રીમતી ઈન્દુબેન ભીખાભાઈ પટેલ, શ્રીમતી સરોજબેન રામરાવ ગાયકવાડ, શ્રીમતી ભીખીબેન જયંતિભાઈ સાખીયા, શ્રી સલીમભાઈ એ.શેખ, શ્રીમતી સુશીલાબેન પંચુભાઈ પ્રધાન તથા ગુણવંતભાઈ દલુભાઈ પટેલ નાઓની નોકરીનો પ્રથમ પક્ષકાર અંત આણે નહી કે કામદારોને નોકરી પર ચઢતા અટકાવે નહી તથા કામદારોની નોકરીની શરતોમાં ફેરફાર કરે નહી તેવો મનાઈ હુકમ ફરમાવવા માંગણી કરવામાં આવેલ તેમજ શ્રીમતી વનિતાબેન પી.ઉમરીયા, શ્રીમતી વિણાબેન સુરેશભાઈ ચૌધરી, શ્રીમતી જયાબેન જી.પટેલ, જયલતાબેન દેવસીગભાઈ ચૌધરી, શ્રીમતી નીરૂબેન વસાવા, શ્રી મુકેશભાઈ ખુશાલભાઈ મિસ્ત્રી, શ્રી છગનભાઈ પરાગભાઈ પરમાર, શ્રીમતી સરોજબેન રામરાવ ગાયકવાડ, શ્રી સલીમભાઈ એ.શેખ, શ્રીમતી સુશીલાબેન પંચુભાઈ પ્રધાન નાઓને પ્રથમ પક્ષકાર તરફથી આપવામાં

આવેલ સ્ટાફ કવાટર્સનો કબજો લે લેવડાવે નહી કે કબજો ખાલી કરે કરાવે નહી તેવા વચગાળાના હુકમની માંગણી કરેલ. આંક–૪૮ ની અરજી ઉપર તા.૦૧/૦૫/૨૦૧૫ ના રોજ "હાલની મનાઈ અરજીના પેરા–૧૦ માં જણાવેલ કામદારોની આજની નોકરીની શરતો યથાવત રાખવી તેમજ તેઓને ફાળવેલ કવાટર્સ બાબતે પણ યથાવત પરિસ્થિતિ જાળવી રાખવા આદેશ કરવામાં આવે છે." તેવો હુકમ કરવામાં આવેલ. બીજા પક્ષકારે આંક–૭૦ થી આપેલ દરમ્યાન મનાઈ અરજીમાં બીજા પક્ષકાર યુનિયનના સભ્યો શ્રી છગનભાઈ પરાગભાઈ પરમાર તથા ઈન્દુબેન ભીખુભાઈ પટેલ નાઓને પ્રથમ પક્ષકારે તા.૩૦/૦૬/૨૦૧૫ ના પત્રોથી ૫૮ વર્ષે વય નિવૃત્ત કરવા માટે તથા કવાટર્સનો કબજો સુપ્રત કરવા તા.૩૧/૦૭/૨૦૧૫ થી અમલી બને તેવો હુકમ બિનઅમલી જાહેર કરવા તથા ઉપરોકત બંને ઈસમોની નોકરીનો અંત આણે નહી કે નોકરી પર ચઢતા અટકાવે નહી કે સ્ટાફ કવાટર્સનો કબજો લે લેવડાવે નહી તેવા વચગાળાના હુકમની માંગણી કરેલ. આંક–૭૦ ની અરજી ઉપર તા.૦૪/૦૭/૨૦૧૫ ના રોજ "આથી ન્યાયની હિતમાં પ્રથમ પક્ષકારને હુકમ કરવામાં આવે છે કે, આ કામના હવે પછીની મુદત સુધી યથાવત પરિસ્થિતિ જાળવી રાખવી." તેવો હુકમ કરવામાં આવેલ. આંક–૪૮ તથા આંક–૭૦ ની અરજી પર મનાઈ હુકમ ફરમાવેલ હોવા છતાં અરજીના ટાઈટલમાં સામાવાળા નં.૧ થી ૩ તરીકે દર્શાવેલ ઈસમોએ શ્રી છગનભાઈ પરાગભાઈ પરમાર તથા ઈન્દુબેન ભીખુભાઈ પટેલને તા.૦૧/૦૮/૨૦૧૫ થી તેઓની રાબેતા મુજબની પાળી અને સમયે નોકરીની ફરજ પર ચઢતા અટકાવેલ છે. જેથી કન્ટેમ્પ્ટ ઓફ કોર્ટની કલમ–૧૦ હેઠળ તેઓને યોગ્ય શિક્ષા કરી દીવાની જેલમાં મોકલવા હુકમ કરવા અરજી કરેલ છે.

**(૨)** કન્ટેમ્પ્ટ ઓફ કોર્ટની હાલની અરજીનો સદર અરજીના સામાવાળા નં.૧ થી ૩ તરફે આંક–૧૩૫ થી લેખિત જવાબ રજુ કરવામાં આવેલ છે. જેમાં અરજીની હકીકતોનો ઈન્કાર કરવામાં આવેલ છે અને મુખ્યત્વે જણાવેલ છે કે, કન્ટેમ્પ્ટ ઓફ કોર્ટ એકટની જોગવાઈ પ્રમાણે હાલની અરજી ચલાવવાની હકુમત અત્રેની અદાલતને નથી. હાલની અરજી સુરત લેબર યુનિયન તરફે તેના કહેવાતા શ્રી દિપકભાઈ કે.પીપરોળીયાએ કરેલ છે તેમને આવી અરજી કરવાનો સુરત લેબર યુનિયને કોઈ હકક કે અધિકાર આપેલ નથી અને તે અંગેનો કોઈ પુરાવો પણ રજુ કરેલ નથી. જેથી અરજી રદ થવા પાત્ર છે. આંક–૪૮ અને આંક–૭૦ ના હુકમ યથાવત પરિસ્થિતિ જાળવવા સંબંધી હુકમ છે. આ દરમ્યાન કામદારની ૫૮ વર્ષની નિવૃત્તિ વય થયેલ

હોઈ તેઓને નિવૃત્ત કરવાનું નકકી કરવામાં આવેલું પરંતુ આંક–૭૦ થી અરજી આપવામાં આવેલ. નામદાર કોર્ટે યથાવત પરિસ્થિતિનો હુકમ કરેલ છે. કામદાર છગનભાઈ પરાગભાઈ પરમાર અને ઈન્દુબેન ભીખુભાઈ પટેલ સુરત લેબર યુનિયનના સભ્યો નથી કે તેમના વતી કોઈ રજુઆત સુરત લેબર યુનિયન કરી શકતી નથી. કામદારો સાથે થયેલ આઈ.ડી.એકટની કલમ–૨(પી) મુજબના કરારના કલોઝ–૯ માં જણાવ્યા પ્રમાણે નિવૃત્તિ વય ૫૮ વર્ષ ગણવાની છે અને તે મુજબ કામદારોને નિવૃત્ત કરવામાં આવેલ છે.

**(૩)** બીજા પક્ષકાર તરફે યુનિયન પ્રતિનિધિશ્રી દિપકભાઈ પીપરોડીયાની દલીલો સાંભળવામાં આવેલ છે. જેમાં હાલની અરજીમાં જણાવ્યા મુજબની હકીકતો જણાવેલ છે.

**(૪)** પ્રથમ પક્ષકાર તરફે વિ.વ.શ્રી જે.બી.જરીવાલાની દલીલો સાંભળવામાં આવેલ છે. જેમાં હાલની અરજીના જવાબમાં જણાવ્યા મુજબની હકીકતો જણાવેલ છે.

**(૫)** બીજા પક્ષકાર તરફેની હાલની અરજીની હકીકતે આંક–૪૮ તથા આંક–૭૦ ની અરજી પર મનાઈ હુકમ ફરમાવેલ હોવા છતાં અરજીના ટાઈટલમાં સામાવાળા નં.૧ થી ૩ તરીકે દર્શાવેલ ઈસમોએ શ્રી છગનભાઈ પરાગભાઈ પરમાર તથા ઈન્દુબેન ભીખુભાઈ પટેલને તા.૦૧/૦૮/૨૦૧૫ થી તેઓની રાબેતા મુજબની પાળી અને સમયે નોકરીની ફરજ પર ચઢતા અટકાવેલ છે. જેથી કન્ટેમ્પ્ટ ઓફ કોર્ટની કલમ–૧૦ હેઠળ તેઓને યોગ્ય શિક્ષા કરી દીવાની જેલમાં મોકલવા હુકમ કરવા માંગણી કરવામાં આવેલ છે. અરજીની હકીકત મુજબ શ્રી છગનભાઈ પરાગભાઈ પરમાર તથા ઈન્દુબેન ભીખુભાઈ પટેલને ૫૮ વર્ષની વયે વય નિવૃત્ત કરવા સામે મનાઈ હુકમ માંગતી અરજી અન્વયે યથાવત સ્થિતિ જાળવી રાખવા હુકમ કરવામાં આવેલ છે. હાલના રેફરન્સમાં વય નિવૃત્તિ અંગેની વય નકકી કરવા અંગેની કોઈ તકરાર નથી કે તેવી તકરારનો નિર્ણય કરવા માટેનો રેફરન્સ નથી.

હાલની અરજીના નિર્ણય માટે નીચે મુજબના ચુકાદા ધ્યાને લેવા જરૂરી છે.

(૧) ૨૦૦૦(૦) એઆઈજેઈએલ–એચસી ૨૦૮૦૦૭ મુળજીભાઈ ભુરાભાઈ વિરૂધ્ધ ઉપેન્દ્ર વ્યાસ–મેનેજર.

(૨) ૧૯૯૫(૦) એઆઈજેઈએલ–એચસી ૨૦૩૬૩૨ જનરલ સેક્રેટરી, ગુજરાત મીનરલ ડેવલપમેન્ટ કોર્પોરેશન એમ્પ્લોઈઝ યુનિયન વિરૂધ્ધ પી.જી.રામરાખીયાણી

Ref.(IT) No. 11 of 2012
Order Under Ex-88

નામદાર ગુજરાત વડી અદાલતના ઉપરોકત ચુકાદાઓ વંચાણે લેતાં, લેબર કોર્ટ અને ઈન્ડસ્ટ્રીયલ ટ્રીબ્યુનલ કન્ટેમ્પ્ટ ઓફ કોર્ટ એકટની કલમ–૧૦ મુજબના અર્થમાં " કોર્ટ " નથી અને તેથી લેબર કોર્ટ અને ઈન્ડસ્ટ્રીયલ ટ્રીબ્યુનલના હુકમ/એવોર્ડના ભંગ બદલ કન્ટેમ્પ્ટ ઓફ કોર્ટ એકટ હેઠળ શરૂ કરવામાં આવેલ કાર્યવાહી ચાલવા પાત્ર ન હોવાનું ઠરાવેલ છે. હાલની અરજી અત્રેની ઈન્ડસ્ટ્રીયલ ટ્રીબ્યુનલના હુકમના ભંગ બદલ કન્ટેમ્પ્ટ ઓફ કોર્ટ એકટની કલમ–૧૦ હેઠળ કાર્યવાહી કરવા માટેની છે. જેથી ઉપરોકત ચુકાદાઓમાં ઠરાવ્યા મુજબ કન્ટેમ્પ્ટ ઓફ કોર્ટ એકટની કલમ–૧૦ હેઠળ કાર્યવાહી ચાલવા પાત્ર નથી. જેથી હાલની અરજી અન્વયે કન્ટેમ્પ્ટ ઓફ કોર્ટ એકટની કલમ–૧૦ હેઠળ કાર્યવાહી કરી શકાય નહી. જેથી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

::– હુ ક મ –::

(૧) આથી બીજા પક્ષકારની આંક–૮૮ ની અરજી નામંજુર કરવામાં આવે છે.
(૨) ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

આજ તા.૦૭/૦૪/૨૦૨૫ ના રોજ હુકમ કરવામાં આવ્યો.

( જયેશકુમાર શામળદાસ પટેલ )
સભ્ય,ઔદ્યોગિક અદાલત નં.૨,સુરત.
જજ કોડ નં.જીજે૦૦૫૬૧

(સ્ટેનો–સી.જી.ચૌધરી)